# 6. લોહીની સગાઈ

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :

**1)** અમરતકાકી લોકોને દવાખાના અંગે શાની ઉપમા આપતાં?

(A) મંદિરની

(B) ઘરની

(C) પાંજરાપોળની

(D) સ્મશાનની

**2)** "બાપ રે! તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો?" – આ વાક્ય કોણ બોલે છે?

(A) ગામના લોકો

(B) સગાં-વહાલાં

(C) પડોશી સ્ત્રીઓ

(D) ગાડીના મુસાફર

**3)** અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં! એટલે ...

(A) અમરતકાકીએ ધર્માંતરણ કર્યું હતું.

(B) અમરતકાકી મંગુની જેમ ગાંડા થઈ ગયાં હતાં.

(C) અમરતકાકી મૃત્યુ પામ્યાં હતાં.

(D) અમરતકાકીને મંગુનું સ્વપ્નું આવ્યું હતું.

**4)** વહુઓ મંગુની ચાકરી નહિ કરે એની અમરતકાકીને ખબર પડી ગઈ હતી, કારણ કે ...

(A) વહુઓ અમરતકાકી સાથે વારંવાર ઝઘડતી હતી.

(B) દીકરાઓ, વહુઓની જ વાત સાંભળતા હતા.

(C) વહુઓએ ચોખ્ખે-ચોખ્ખું સંભળાવી દીધું હતું.

(D) બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું પોતાને આમંત્રણ આપ્યું ન હતું.

## 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો:

### 1) દવાખાનામાં મંગુને જે ઓરડામાં રાખવાની હતી તે ઓરડો અમરતકાકી શા માટે જોવા માંગતા હતાં?

- દવાખાનામાં દર્દીઓને મળવા આવેલા મુલાકાતીઓ વિદાય લેતા હતા ત્યારે દર્દીને અંદરના ખંડમાં લઈ જવા બારણું ખુલતું. એ તક ઝડપી લઈ અમરતકાકીએ બે-ત્રણ વખત અંદર જોયું હતું. અંદર ફગફગતા વાળ ધરાવતી ત્રણ-ચાર સ્ત્રીઓ અસ્તવ્યસ્ત કપડામાં ફરતી હતી. એક સ્ત્રીએ તો એમની સામે જોઇને છાતી કૂટી અને આંખ ત્રાંસી કરીને એવી રીતે જોયું કે તેઓ છળી ગયાં. આ દૃશ્ય જોયું એટલે અમરતકાકી દવાખાનામાં મંગુને જે ઓરડામાં રાખવાની હતી એ ઓરડો જોવા માંગતા હતાં.

### 2) અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે કરેલી ભલામણો નોંધો.

- અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે પરિચારિકાઓને આટલી ભલામણો કરી: મંગુને મૂંગા ઢોર જેટલું પણ ભાન નથી. એ સૂકો રોટલો ખાતી નથી. તેથી સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો, દૂધ ના હોય, તો દાળમાં ચોળીને આપજો. એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને, પણ બીજે-ત્રીજે દહાડે દહીં આપજો. આવો વધારાનો ખર્ચ થશે તે અમે આપીશું. જે એની ચાકરી કરતું હશે તેને પણ અમે રાજી કરીશું.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો :

### 1) 'અમરતકાકીનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું.' – આ વાક્ય સમજાવો.

- 'લોહીની સગાઈ' લઘુવાર્તામાં અમરતકાકીના માતૃત્વની ચરમસીમાનું આલેખન છે. અમરતકાકીનાં ચાર સંતાનોમાં બે દીકરીઓ અને બે દીકરા હતાં. એમાં સૌથી નાની દીકરી દીકરી મંગુ જન્મથી જ ગાંડી અને મૂંગી હતી. આથી અમરતકાકી મંગુ પર સવિશેષ ધ્યાન આપતાં. તેઓ એના ઉછેર અને ચાકરીમાં કોઈ કમી રાખતાં નહિ. મંગુને ઝાડો-પેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન પણ નહોતું. અમરતકાકીને મન જાણે મંગુ જ એમનું એક સંતાન હતી. રજાઓમાં અમરતકાકીના દીકરાઓ ઘેર આવતાં ત્યારે એમનાં પૌત્ર-પૌત્રીઓના ખિલખિલાટથી ઘર હસી ઊઠતું, પણ પણ તેઓ ભાગ્યે જ એમને તેડતાં, રમાડતાં કે લાડ કરતાં. અમરતકાકીની બંને વહુઓની ફરિયાદ હતી કે તેમને દીકરાનાં બાળકો દીઠાં ગમતાં નથી. મોટી દીકરીએ પણ સંભળાવી દીધું હતું કે, 'મંગુને ખોટા લાડ લડાવીને તેં જ વધારે ગાંડી કરી મૂકી છે.' આ હકીકતો દર્શાવે છે કે અમરતકાકીનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું. મંગુને દવાખાને મૂકવા માટે પણ તેઓ ખૂબ મનોમંથન પછી તૈયાર થયા હતાં. દવાખાનામાં પણ તેમણે મંગુની સારવાર માટે અને તેનાં ખોરાક વિશે ભલામણો કરી. દવાખાનેથી રાત્રે ઘેર આવ્યાં ત્યારે જમ્યા વગર જ સૂવા માટે ગયા અને જાણે મંગુ પોતાની સામે હોય તેમ સલાહ

આપી. સવારે તેઓ માંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં, એટલે કે મંગુની જેમ ગાંડાં થઈ ગયાં હતાં. આમ, મંગુથી એક દિવસની જુદાઈ પણ અમરતકાકીને ગાંડપણ સુધી દોરી ગઈ. આથી કહી શકાય કે 'અમરતકાકીનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું.'

## 2) દવાખાનાનું વર્ણન 'લોહીની સગાઈ' પાઠના આધારે કરો.

- દવાખાનામાં મુલાકાતના સમયે વચલા ખંડમાં દર્દીઓ અને એમનાં સગાંસંબંધીઓ છૂટાં છૂટાં બેઠાં હતાં. સ્વજનોએ ઘેરથી લાવેલું ભોજન ઘણાં દર્દીઓ જમી રહ્યા હતા. પરિચારિકાઓ દર્દીઓ સાથે હસીને વાત કરતી હતી અને માયાળુ સ્વભાવ ધરાવતી હતી. એક માનસિક અસ્વસ્થ બાઈને પરિચારિકાએ એના ધણીએ લાવેલ ખાવાનું ખાઈ લેવા પ્રેમથી સમજાવ્યું, પણ પેલી ગાડી બાઈએ છણકો કરતાં પરિચારિકાએ સહેજ પણ ખિજાયા વગર પાણીનો લોટો લાવી એનું મોં ધોવડાવ્યું. નૅપ્કિનથી એનું મોં લૂછ્યું. અમરતકાકીએ પરિચારિકાને મંગુ વિશે કેટકેટલી ભલામણો કરી, છતાંય તેણે ધીરજ રાખીને એમના દરેક સૂચનના સંતોષકારક જવાબ આપ્યા. અમરતકાકીને દર્દીઓના ખંડમાં જઈને જોવાની ઇચ્છા હતી, પણ દવાખાનાના કાયદા પ્રમાણે પરિચારિકા અમરતકાકીને અંદર જવાની ના પાડે છે. મંગુને પરિચારિકાના હાથમાં સોંપતાં અમરતકાકી છુટ્ટા મોંએ રડી પડે છે ત્યારે ડૉક્ટર, મેટ્રન અને પરિચારિકાઓનાં હૈયાં ભરાઈ આવે છે, પણ તરત જ પરિચારિકા પોતાના હાથમાંનો રૂમાલ ફરકાવી મંગુને એ રૂમાલ લેવા લલચાવે છે. મંગુ એની નજીક આવતાં જ એનો હાથ પકડી, હળવેકથી અંદર લઈ જાય છે. આમ, માનસિક અસ્વસ્થ દર્દીઓ માટેના આ દવાખાનામાં જવાબદાર ડૉક્ટરો અને અન્ય સ્ટાફ સાથે પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ હતી.

## 3) મંગુને દવાખાને મૂકવા જતાં પહેલાંની અમરતકાકીની માનસિક સ્થિતિનું વર્ણન કરો.

- અમરતકાકીના ગામની કુસુમ નામની એક દીકરી અચાનક ગાંડી થઈ ગઈ હતી, પણ દવાખાનામાં સારવાર લીધા પછી સાજી થઈ ગઈ. કુસુમ પાસેથી દવાખાનામાં ગાંડા દર્દીઓ સાથેનો સારો વ્યવહાર જાણ્યા પછી અમરતકાકી મંગુને દવાખાનામાં મૂકવા તૈયાર થયાં; પરંતુ ત્યારથી એમની ઊંઘ ઊડી ગઈ. તેમને થતું કે મંગુ મોટી થતી જાય છે અને પોતાની વૃદ્ધાવસ્થા પણ વધતી જાય છે. તેઓ જાણતા હતા કે વહુઓ મંગુની ચાકરી નહિ કરે. એ સ્થિતિમાં એને કદાચ સારું થઈ જાય અને ન સારું થાય તોપણ દવાખાનામાં એનું મન ગોઠી જાય તો પોતાના અંતકાળે એટલી તો શાંતિ રહેશે કે આ દુનિયામાં મંગુની ચાકરી કરનારું કોઈ પારકું પણ છે ખરું. અમરતકાકી આ વિચારોથી પોતાના મનને મનાવતા, પણ આંખમાંથી એટલાં આંસુ વહેવા માંડતાં કે એમની પથારી પલળી જતી. એમને થતું કે તે થાકી ગયાં છે એટલે મંગુને દવાખાને મોકલવા તૈયાર થયાં છે. દીકરાને પત્ર લખીને બોલાવવાની મોટી ભૂલ કરી. એટલી શી ઉતાવળ હતી કે શિયાળાની ઠંડીમાં એને દવાખાનામાં ધકેલવી પડે? રાતમાં પોતે એને કેટલી વખત ઓઢાડતાં. દવાખાનામાં એને વારે ઘડીએ કોણ ઓઢાડશે? ઉનાળામાં દાખલ કરી હોત તો સારું થાત. અમરતકાકીની માનસિક સ્થિતિ ન કહેવાય કે ન સહેવાય એવી થઈ ગઈ હતી.